# મુશ્કેલી

– પાયલ વ્યાસ

મેઘપર ગામનો કાનો ખડૂત ભારે મહેનતુ. એના ખેતરની જમીનના કણેકણ પર એનો હાથ ફરેલો હોય. દરેક પાકની તાસીર એ જાણે. કયા પાકને કેવી જમીન જોઈશે, કેવી હવા જોઈશે, કેવુ પાણી ને કેટલુ પાણી, કેવી માવજત – આ બધા પ્રશ્નોના ઉકેલ કાના પાસે.

પોતાના ખેતરમા મસ્તીથી કામ કરતા કાનાને ભગવાન જોડે ભારે ભાઈબધી. અવારનવાર ખેતરમા એકલા કામ કરતા કરતા કટાળે ત્યારે કાનો ભગવાન જોડે વાતે વળગે. 'અલ્યા, આ ધનજીકાકાના દીકરાને. ચ્યમ બોલાઈ લીધો ? બચાડા કાકાની તો લાકડી હતો ઈ.....!' કે પછી 'અલ્યા, આ મગીમાને કેટલુ ખેચાઈશ કહુ છુ...હવે તો તેડાય.... હવે તો તેડાય !'

એકવાર સાવ અણધાર્યો વરસાદ આવ્યો ને કાનાનુ બધુ આયોજન ઊંધુ વળી ગયુ. કાનો તો લાગ્યો ઝઘડવા ભગવાન જોડે. 'અલ્યા, તને આ ખેતીની કશી ગતાગમ પડતી નથી ને મોટો ભગવાન થઈને ફરે છે ! વરસાદની જરૂર હોય ને વરસાદ માટે કગરીએ તાણે જાણે ક્યા સતાઈ જાય, વરસાદને ખિસ્સામા ઘાલીને...ને જરૂર નો હોય તાણે હાબેલાધાર વરસાદ મોકલે કે ખેડૂ બચાડો આખુ વરહ રોયા કરે....! કહુ છુ હુ જોઈને ભગવાન થઈને ફરે છે, તુ....!

જો હાભળ, આખી જિદગી તારી ભગતી કરો છે, તો ઓણ સાલ આ વરસાદનુ ડિપાર્ટમેન્ટ મને હોપી દે. તુ જો હુ કેવુ વેવસ્થિક કામ કરુ છુ તે. એક વાર મને ચાનસ આલ, કહુ છુ...!'

અને ચમત્કાર થયો. વાદળમાથી ડોકિય કરતા ભગવાન બહાર આવ્યા ને બોલ્યા, 'સારુ જા, આ વરસે બધી જ ઋતુઓનુ આયોજન તુ કરજે, બસ!'ને ભગવાન અલોપ થયા.

કાનો તો ખુશ ખુશ થઈ ગયો. પોતાના ખેતીવિષયક જ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ કરવાની તક તેને મળી હોય તેમ લાગ્યુ. તેણે બરાબર ગણતરી કરીને ઘઉં વાવ્યા. પછી જેમ જેમ જરૂર પડે તમ તેમ સૂરજનો પ્રકાશ, વાદળછાયુ વાતાવરણ ને વરસાદનુ આયોજન કરતો ગયો. તેના હિસાબે પાકને નુકસાનકર્તા હોય તેવા વાવાઝોડા કે આકરો તડકો કે આકરા પવનોને તેણે જરાય પાસે આવવા ન દીધા. ઘઉંનો પાક તો ઊંચો ને ઊંચો વધતો ચાલ્યો. એના માથા સુધી લહેરાતા લીલાછમ પાકને જોઈને કાનાની છાતી ગજગજ ફૂલી રહી. એ વિચારી રહ્યો, હવે ભગવાનને બતાવીશ કે જો'લ્યા, આમ થાય ખેતી!

પૂરા સમયે જ્યારે લણણી કરી ને જોયુ તો કાનાના આશ્ચર્યનો પાર ન રહ્યો ! આવડા



મોટા લહેરાતા પાક પર એક દાણો પણ ઘઉં ન હતા.! કાનો તો બરાબર મૂઝાયો. એ જ વખતે વાદળ ગરજવાનો અવાજ આવ્યો કાનાએ ઉપર જોયુ તો ભગવાન મરક મરક હસી રહ્યા હતા.

'બોલ, શુ કહેવુ છે ?' ભગવાને પૂછ્યુ. 'આ તો ખરુ કહેવાય ! મે તો આ પાકને માણ પરમાણે હધુ ય સમયસર આલ્યુ ને જુઓ ને, કેવો માથોડા માથોડા જેવો પાક વધ્યો ! પણ તો ય આમ કેમનુ થ્યુ ?'

'આમ જ થાય ને ! 'ભગવાન હસતા હસતા બોલ્યા, 'તે પાક માટે લડવાના, વિકસવાના બધા જ સજોગોની બાદબાકી કરી નાખી. ન આકરા પવનો, ન આકરો તડકો.... આ બધા વિપરીત સજોગો સામે લડતા લડતા જ પાક ફૂલેફાલે છે. તે એને લડવાના સજોગો જ ન આપ્યા.'

'તો પછી....'કાનો માથુ ખજવાળતા બોલ્યો, 'તારુ પલાનિગ હાચુ હો.!' પછી થોડીવાર વિચાર કરી એ બોલ્યો, 'હવે મને એ હમજાય કે તુ માણહને મુશ્કેલીયે આટલા વાસ્તે જ આલે છે ?'

'હવે સમજ્યા...!' કહેતા હસતા હસતા ભગવાન વાદળ પાછળ સતાઈ ગયા.

■